BRAMPTON Flower City brampton.ca

media release

જાન્યુઆરી 19, 2018

## બ્રામ્પટન ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસીસે મહત્વાકાંક્ષી ફાયરફાઈટર્સને (લાશ્કરોને) નાણાકીય સહાયતા આપવાની તૈયારી બતાવી છે

બ્રામ્પટન, ઓન્ટેરિયો - જ્યોર્જ હિચકૉક બર્સરી માટેનો અરજી સમયગાળો હવે શરૂ થયો છે. દર વર્ષે, બ્રામ્પટન ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસીસ અગ્નિશામક સેવાઓમાં કારકિર્દી ઈચ્છતા સ્થાનિક વિદ્યાર્થીઓને જ્યોર્જ હિચકૉક બર્સરી મારફતે સહાયતા પૂરી પાડે છે. બર્સરીની નાણાકીય સહાયતાનો ઉપયોગ સફળ વિદ્યાર્થી દ્વારા પોસ્ટ-સેકન્ડરી (માધ્યમિક શિક્ષણ પર્યંત) ટ્યુશન ફી માટે કરી શકાય છે.

અરજદાર અચૂકપણે અગ્નિશામક સંબંધિત કાર્યક્રમમાં ઓન્ટેરિયો પોસ્ટ-સેકન્ડરી ડિપ્લોમાનો અભ્યાસ કરતા બ્રામ્પટન સ્થિત કેનેડિયન નાગરિક (અથવા કેનેડામાં કામ કરવા સક્ષમ) હોવા જોઈએ. અરજી ફોર્મ ઓનલાઈન વેબસાઈટ www.bramptonfire.com પર ઉપલબ્ધ છે અને ફોર્મ અચૂકપણે આ ઈમેલ સરનામે મોકલવું રહ્યું, firelife@brampton.ca

અરજી મોકલવાનો સમયગાળો કાં તો એપ્રિલ 30, 2018 નાં રોજ અથવા તો 30 અરજીઓ મળવાની સાથે, બેમાંથી જે પણ પહેલાં થાય ત્યારે બંધ થશે. ટૂંકી યાદીમાં સમાવાયેલા ઉમેદવારોનો ઈન્ટરવ્યૂ લેવામાં આવશે અને એક અરજદારની પસંદગી $1,000 ની બર્સરી માટે કરવામાં આવશે જે સીધેસીધા અભ્યાસક્રમમાં પ્રવેશ માટે ચૂકવવામાં આવશે.

એન્ડોવમેન્ટ ફંડ (દેણગી ભંડોળ) સાર્વજનિક દાનમાંથી મળેલા $31,000 ઉપરાંતના પ્રારંભિક નાણાંમાંથી ઊભું કરવામાં આવ્યું હતું. દર વર્ષે ચૂકવાનારી રકમ બદલાશે.

બ્રામ્પટન ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસીસે અગ્નિશામક સેવાઓમાં કારકિર્દી બનાવતી વ્યક્તિઓને નાણાકીય સહાયતા પૂરી પાડવા 2014 માં જ્યોર્જ હિચકૉક એન્ડોવમેન્ટ ફંડની રચના કરી હતી. આ ફંડ 33 વર્ષ સુધી બ્રામ્પટન ફાયર સર્વિસીસમાં સેવા આપનાર સ્વર્ગસ્થ જ્યોર્જ હિચકૉકના સન્માનમાં ઊભું કરવામાં આવ્યું હતું અને તેઓ આગ/જીવન સુરક્ષા શિક્ષણ વિભાગની સ્થાપના કરનાર મહત્વની વ્યક્તિ હતા.

વધુ માહિતી માટે, વેબસાઈટ www.bramptonfire.com જુઓ અથવા ઈમેલ મોકલોઃ firelife@brampton.ca

**અવતરણ (ક્વૉટ):**

"આ બર્સરી અગ્નિશામક સેવાઓ માટે જ્યોર્જના જુસ્સાનો વારસો દર્શાવે છે અને તે આગ અને જીવન સુરક્ષા શિક્ષણ સુધારવા અંગે છે. અમે તે વારસો ચાલુ રાખવા અને આ સમુદાયમાં સેવા આપતા અને કટોકટી સેવાઓમાં ઉત્કૃષ્ટતાને પ્રેરણા આપવા ફાયરફાઈટર્સની (લાશ્કરોની) અનુગામી પેઢીને સહાયતા કરવાનું ચાલુ રાખવા ઈચ્છીએ છીએ."

- ફાયર ચીફ બિલ બોય્સ (Bill Boyes)

-30-

BRAMPTON Flower City brampton.ca

media release

**બ્રામ્પટનમાં મોટા પાયે ફેરફારો થઈ રહ્યાં છે.** આપણે વેધક ધ્યાન કેન્દ્રિત કરતા ભવિષ્ય માટે તૈયાર સંસ્થા છીએ. આપણે આપણાં સમુદાયની વૃદ્ધિ જાણીએ છીએ, જુવાની અને વિવિધતા આપણને અલગ અલગ કરે છે. આપણે કેનેડાના નવીન શોધ કરતા સુપર કોરિડોરના કેન્દ્રમાં સ્થિત, રોકાણ પ્રોત્સાહક અને આપણી વૈશ્વિક સફળતા વિકસાવનાર છીએ. આપણે કંપાયમાન શહેરી કેન્દ્રો વિકસાવીએ છીએ જે તક પ્રજ્વલિત કરે છે અને અહીં રહેતા અને કાર્યરત લોકોમાં ગૌરવ રેડીએ છીએ. આપણે બ્રામ્પટનને આગળ વધારી રહ્યાં છીએ જે તેને નવીનતમ, સર્વગ્રાહી અને જુસ્સામય શહેર બનાવે. અમને Twitter અને Facebook પર અનુસરો. www.brampton.ca પર વધુ માહિતી જાણો.

**મીડિયા સંપર્ક (MEDIA CONTACT)**
નાટાલી સ્ટોગડિલ (Natalie Stogdill)
મીડિયા કોર્ડિનેટર (Media Coordinator)
સીટી ઓફ બ્રામ્પટન (City of Brampton)
905.874.3654 | natalie.stogdill@brampton.ca